ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
શુક્રવાર, તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૧૭




# ૩૧ ફર્સ્ટની મજા માણવા દમણ અને સેલવાસ ખાતે પહોંચ્યા સુરતીઓ

સુરતીઓ જલસા કરવાનો એક પણ મોકો છોડતા નથી. આ વખતની ૩૧ ફર્સ્ટ નાઈટ તો વીકેન્ડ આવે છે ત્યારે સોને પે સુહાગા જેવો સંયોગ રચાયો છે. આ વખતે શહેરમાં કમર્શિયલ પાર્ટીનો માહોલ થોડો ડલ પડ્યો છે. મોટેભાગેના સુરતીઓ વિકએન્ડ લાભ લઈને સુરત સિવાય દમણ અને સેલવાસ ખાતે ન્યુયર પાર્ટીના પ્લાન ઘડ્યા છે. સુરતીઓ માટે દમણ મીની ગોવા સમાન છે જ્યારે સેલવાસ બિઝનેસ પાર્ટી માટે પરફેક્ટ પ્લેસ મનાય છે. આમ ૨૦૧૮નુ સ્વાગત કરવા માટે સુરતીમાં મોકા ભી હૈ દસ્તુર ભી હૈ જેવો માહોલ રચાયો છે.

## દમણમાં સુરતીઓએ મહિના અગાઉ બુક કર્યા હતા સ્પેશિયલ પેકેજ

૨૦૧૭એ લોકોને અંતમાં એક શાનદાર વિકએન્ડ જાણે ગીફ્ટમાં આપ્યો છે જેનો પૂરેપૂરો લાભ સુરતીઓ ઉઠાવી રહ્યાં છે. સુરતીઓનુ એવરગ્રીન પાર્ટીપ્લેસ ગણાતા દમણના વિવિઘ લુકઝુરીયસ રીસોર્ટ્સમાં સ્પેશિયલ સુરતીઓ માટે ન્યુયર વિકએન્ડ પેકેજ જાહેર કર્યા છે. આ સિવાય પણ બિઝનેસ પાર્ટીના હબ સમાન ગણાતુ સેલવાસ પણ આ રેસમાં સામિલ છે. દમણના દરેક રીસોર્ટ્સમાં ન્યુયર માટે ખાસ સુરતીઓએ મહિના અગાઉ જ બુકીંગ કરી લીધા હતા. સુરતીઓ માટે દમણ થર્ટી ફર્સ્ટના ડેસ્ટીનેશન લીસ્ટમાં ટોપ પર હોય છે. આ વખતે સુરતમાં લાઈવ કોન્સર્ટ્સ અને કમર્શિયલ ન્યુયર ડિજે પાર્ટીસનુ નંબર ઓફ ઈવેન્ટ્સનુ લીસ્ટ ઘણુ ઓછુ છે જ્યારે વિકેન્ડ આવતો હોવાના કારણે દમણ અને સેલવાસમાં ખાસ માહોલ છે.




મજ્જેની LIFE



## લાઈવ પાર્ટીસ અને કોકટેલની મજા સાથે ઉજવશે ન્યુયર સુરતીઓ

સુરતીઓ અને દમણનો નાતો ઘણો જૂનો છે જે કોઈનાથી છૂપો નથી..! આ વખતે દમણના રીસોર્ટ્સ દ્વારા વિવિધ સેલેબ્રિટી લાઈવ કોન્સર્ટ્સ અને પાર્ટીસનુ આયોજન કરવામાં આવ્યુ છે. ન્યુયર પાર્ટીમાં છૂટથી કોકટેલ સર્વ કરવામાં આવશે તેમજ આ વખતે તો ભૂમિ ત્રિવેદી, વેસ્ટર્ન ડીજે ગર્લ સીયાના કેથરીન અને મુંબઈના પણ નામી ડિજે સાથે ન્યુયર પાર્ટી સુરતીઓ એન્જોઈ કરશે. વિકેન્ડ તો ખરુ જ પરંતુ દમણની ચોઈસ માટે સુરતીઓ પાસે ઘણાં કારણ છે. આપણે સૌ જાણીએ છે તેમ દમણ કેન્દ્ર શાસીત પ્રદેશ હોય ત્યાં આલ્કોહોલ આરામથી મળી રહે છે અને દમણ તો આમ પણ ગોવાની જેમ પાર્ટી કેપીટલની ઓળખ ઘરાવે છે એટલે ત્યાં સુરતીઓ મન ભરીને ન્યુયર સેલીબ્રેટ કરશે.

# સુરતી ન્યુયર સ્ટાઇલ: વિન્ટેજ V/S પૉપ પાર્ટી સ્ટાઇલ



LifeStyle Trend

ન્યુ યર પાર્ટીમાં બધાથી હટકે દેખાવાની આપણા સૌની ઇચ્છા હોય તે સ્વભાવિક છે. આ માટે જરૂરી છે કંઇક હટકે સ્ટાઇલને અપનાવવી અને સ્ટાઇલમાં તો આપણા સુરતી યુવાનો એ-વન છે. આ વખતની ન્યુ યર પાર્ટીમાં આ યુવાનો કરી રહ્યા છે વિન્ટેજ અને પૉપ પાર્ટી સ્ટાઇલને ફોલો... આવો જાણીએ શું છે તેમના ન્યુ યર પાર્ટી સ્ટાઇલ ફંડા.



## ગર્લ્સની વિન્ટેજ સ્ટાઈલ

સુરતી ગર્લ્સ આ વખતની ન્યુ યર પાર્ટી માટે અપનાવી રહી છે વિન્ટેજ સ્ટાઇલ. વિન્ટેજ પાર્ટી સ્ટાઇલ એટલે ઓલ્ડ બોલીવુડના યુ ટર્ન મારીને પાછી આવેલા ડ્રેસની વાત આવે! સામાન્ય રીતે જ ડાર્ક રેડ, બ્લેક અને બ્લુ કલર આ સ્ટાઈલમાં ખાસ હોય છે. જેથી હાલ સુરતી ગર્લ્સની વિન્ટેજ સ્ટાઇલમાં પણ આ કલર શામેલ છે. આપણી સુરતી ગર્લ્સને પાર્ટીમાં વન પીસ પહેરવા પ્રિય છે. આ માટે ડાર્ક રેડ કે બ્લેક કલરનો ડીપ નેક વન પીસને સુરતી ગર્લ્સ ટ્રાઈ કરી રહી છે. બ્લેક ફ્લેટ સેન્ડલ અથવા હિલ્સ પણ વન પીસ સાથે સારા લાગશે. આ સિવાય પેન્સીલ સ્ટાઇલ પણ આજકાલ ગર્લ્સમાં ફેવરીટ થતી જાય છે. બ્લેક, રેડ કે બ્લૂ કલરના આ પેન્સીલ ડ્રેસ વેલ્વેટ કે નેટ મટિરીયલમાં સારા લાગશે. તેની સાથે હાઇ હીલ ફૂટવેર કેરી કરી શકાય. આ સીવાય જો લોંગ ડ્રેસ પહેરવા હોય તો વિન્ટેજ સ્ટાઇલમાં લોંગ સ્લીટવાળા ડ્રેસ ખુબ જ સરસ લાગશે. આ સાથે જો સ્કર્ટ પહેરવાની ઇચ્છા હોય તો લોંગ મેક્સી સ્કર્ટ અથવા શોર્ટ સ્કર્ટ તમારી અનુકુળતા અનુસાર પહેરી શકો. અહીં ખાસ નોંધવા જેવી બાબત એ છે કે સુરતી ગર્લ્સ શોર્ટ તો પહેરે છે પરંતુ ડાન્સ કરતી વખતે પરેશાની નહીં થાય તથા ક્યાંક ડ્રેસના કારણે પરેશાનીમાં ન મુકાવુ પડે એ બાબત પર વિશેષ ધ્યાન આપે છે.



## ગર્લ્સ ઍક્સેસરીઝ અને મેક-અપ



ન્યુ યરની પાર્ટી હોય કે પછી અન્ય કોઇ પાર્ટી હોય માત્ર કપડા પર ધ્યાન આપવું પુરતું નથી. સાથે સાથે મેક-અપ, હેર સ્ટાઇલ અને એક્સેસરીઝ પર પણ એટલું જ ધ્યાન આપવુ પડે છે. આ ન્યુ યરની પાર્ટી માટે તમે જો વિન્ટેજ સ્ટાઇલ પસંદ કરી હોય તો તેની સાથે સુટેબલ હેરસ્ટાઇલ વાળી શકાય છે. જો વાળ બાંધવા ન હોય તો ખુલા વાળમાં સોફ્ટ કર્લી હેર વિન્ટેજ સ્ટાઇલ સાથે મેચ કરશે. જો એક્સેસરીઝની વાત કરીએ તો હાથમાં એકાદ ડાયમંડનું બ્રેસલેટ અને કાનમાં મોટા ઇયરિંગ સારા લાગશે. જો તમે પોપ લૂક પર પસંદગી ઉતારી હાય તો તેની સાથે ડે-નાઇટ સન ગ્લાસ અને ગળામાં પ્લાસ્ટીક ચોકર પહેરી શકો છો. સાથે જ લેધરનું પર્સ પણ લટકાવી શકાય. જો મેક-અપની વાત કરીએ તો મેટ મેક-અપ અને પીચ, ઓરેંજ, રોઝ કે બ્લડ રેડ, સ્ટ્રોબેરી વગેરે કલરની મેટ લીપસ્ટીક સારી લાગશે. આ સાથે તમે ગોલ્ડ કે શીમર પિંક કલરના આઇશેડોથી આંખોને ચમકાવી શકો છો.



## બોયઝની વિન્ટેજ સ્ટાઈલ

ગર્લ્સની જેમ સુરતી બોયઝ પણ ન્યુ યર પાર્ટી માટે વિન્ટેજ સ્ટાઇલ અપનાવી રહ્યા છે. સુરતી બોયઝની વિન્ટેજ સ્ટાઇલ એકદમ હટકે છે. તેઓ વિન્ટેજ લુક મેળવવા માટે પ્લેન શર્ટ પર પસંદગી ઉતારી રહ્યા છે. આ પ્લેન શર્ટની ઉપર સ્ટાઇલીશ વેસ્ટકોટ તેમના લૂકને પરફેક્ટ કરે છે. રોઝ રેડ, મરૂન, ડાર્ક બ્લૂ, કોફી અને બ્લેક વગેરે કલરના વેસ્ટ કોટ સારા લાગે છે. કેટલાક બોયઝ બ્લેઝર પહેરવાનું પણ પસંદ કરે છે. બ્લેઝર સાથે વિન્ટેજ બો ટાઇ ખાસી ટ્રેન્ડી છે. ન્યુ યર પાર્ટીને અનુંરૂપ મેટ કલરના બ્લેઝર તેમની પસંદગીની લીસ્ટમાં શામેલ છે. આ સ્ટાઇલ ફોર્મલ પેન્ટની સાથે સારી લાગે છે. આ સીવાય યોગ્ય પસંદગીના શૂઝ વગર તો વિન્ટેજ લૂક અધુરો ગણાય. આ માટે લેધરના બ્લેક કે મરૂન કલરના શૂઝ પહેરી શકાય છે. નહિ તો લોફર શુઝ તો છે જ..

## ગર્લ્સની પૉપ સ્ટાઈલ

સુરતી ગર્લ્સ ૨૦૧૮ની ન્યુ યર પાર્ટી માટે પૉપ લૂક પર પસંદગી ઉતારી રહી છે. હાલ પૉપ કલર્સના ક્રોપ ટોપની ફેશન પુર બહારમાં ચાલી રહી છે. આ ક્રોપ ટોપની સાથે ડેનીમ અથવા શોર્ટ તમારી પસંદગી અને અનુકુળતા અનુસાર પહેરી શકાય છે. જો ક્રોપ ટોપ ન પહેરવું હોય તો મેટાલીક ટી-શર્ટ પણ હાલ ફેશનમાં છે અને પાર્ટી લૂક માટે એકદમ અનુકુળ પણ છે. આ મેટાલીક ટી-શર્ટ સાથે પણ ડેનીમ અથવા શોર્ટ સારા લાગશે. આ સાથે જ લેધરના જેકેટ, પેન્ટ અને શૂઝ પણ તમારી પૉપ સ્ટાઇલને કમ્પ્લીટ કરે છે.

## બોયઝની પૉપ સ્ટાઈલ

ગર્લ્સની જેમ બોયઝ પણ સ્ટાઇલીશ દેખાવા માટે ન્યુ યર પાર્ટી માટે પૉપસ્ટાર સ્ટાઇલ અપનાવી રહ્યા છે. બોયઝ પૉપસ્ટાર સ્ટાઇલ માટે પ્રીન્ટેડ ડેનીમની સાથે ડેનીમ જેકેટ પહેરી શકે છે. તેની સાથે લોફર શૂઝ સારા લાગે છે. આ સ્ટાઇલમાં લેધરનો પણ સમાવેશ થાય છે જેથી તમે લેધરના જેકેટ અને પેન્ટ પણ પહેરી શકો છો. તેની સાથે પોપ કલરવાળા ટી-શર્ટ પહેરી શકાય છે. ફેડેડ જીન્સ પણ બોયઝને સારા લાગે છે. આ પ્રકારના જીન્સની સાથે પ્રિન્ટેડ શર્ટ કે ટી-શર્ટ પહેરી શકાય છે. આ સીવાય બીજો એક ઓપશન તમારી પાસે બચે છે પ્રીન્ટેડ ડેનીમનો. આ પ્રીન્ટેડ ડેનીમ સાથે પ્લેન શર્ટ અથવા ટી-શર્ટ પહેરી શકાય છે.

## બોયઝ અકસેસરીઝ અને હેર સ્ટાઈલ

ન્યુ યરની પાર્ટી માટે ગર્લ્સ જેટલા જ બોયઝ પણ ટીપટોપ થઇને જવાનું પસંદ કરે છે. આ માટે જો તમે વિન્ટેજ સ્ટાઇલ પસંદ કરી હોય તો સ્વેક્સ તમારા લૂકને કમ્પલીટ કરશે. આજ કાલ રાઉન્ડ ફ્રેમના સ્વેક્સ યુવાનોમાં વધારે પ્રિય થઇ રહ્યા છે તેને પણ તમે અપનાવી શકો છો. જો પૉપસ્ટાર સ્ટાઇલ અપનાવી હોય તો ડે-નાઇટ સનગ્લાસ પહેરી શકાય છે. વાળને પણ તમારી સ્ટાઇલને આધારે જેલ લગાવી સેટ કરી લૂકને પરફેક્ટ કરી શકાય. જો તમે ઇચ્છો તો સ્ટાઇલીશ ઘડિયાળ પણ પહેરી શકાય. આ બધાની સાથે પાર્ટીમાં જતા પહેલા મેન ડીઓ લગાવવાનું બોયઝ ભુલતા નથી.

# BIG BOSS

ફારૂક પટેલ ઊર્ફે ફારૂક કેપી એટલે રીન્યુએબલ એનર્જીમાં ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી કે.પી. એનર્જી લિમિટેડના ચેરમેન. ભરૂચ જિલ્લાના કોઠી ગામે જન્મેલા બસ કંડકટર ગુલામ પટેલના પુત્ર ફારૂક પટેલને બાળપણમાં પિતાની ટ્રાન્સફર સુરતમાં થતા સુરતમાં વસવાટ કરવો પડયો. અડાજણની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા પછી ભુલકાભવન સ્કુલમાં માધ્યમિક શિક્ષણ મેળવી, મંત્રા માંથી ડિપ્લોમા ઇન ટેક્સટાઇલ એન્જિનીયરીંગ અભ્યાસ કર્યો. તે પછી ડિસ્ટન્સ લર્નીંગ અભ્યાસ થકી ડિપ્લોમા ઇન એક્સપોર્ટ અને ઇન્ડો-અમેરિકન એક્સપર્ટ ઇન સોલાર એનર્જીમાં નિપૂણતા હાંસિલ કરી ૧૯૯૪માં કાર્ટીંગ ટ્રાન્સપોર્ટથી વેપારની શરૂઆત કરનાર ફારૂક પટેલ આજે ૫૦૦ કરોડની માલિકીની સાત કંપનીઓના ચેરમેન છે. જેમા એક કંપની બોમ્બે સ્ટોક એક્ષ્ચેંજમાં લિસ્ટેડ કંપની છે. જેણે શેર હોલ્ડરને ટૂંકા ગાળામાં ૧૦ ગણુ રિટર્ન આપ્યું છે. કે.પી. ગ્રુપ વિન્ડફાર્મ અને સોલાર એનર્જીના ક્ષેત્રની અગ્રેસર કંપની છે જે બાંધકામ, મોબાઇલ ટાયર નેટવર્ક, ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં સક્રિય છે. અસ્સલ સુરતી બની ગયેલ ૪૬ વર્ષની વયના ફારૂક પટેલના નામે અનેક કિર્તીમાન બોલે છે. ૨૦૧૬માં તેમની કંપનીને બેસ્ટ સોલાર પાર્ક ઇન ઇન્ડિયા (૨૦૧૬) ૨૦૧૫-૧૬ની ટોપ ગેઇનર કંપની, ડબલ્યુ.સી.આર.સી.એ ૨૦૧૫માં મોસ્ટ પ્રોમીસીંગ બ્રાન્ડ, બેસ્ટ આર.એફ.એ.આઇ. ઇન ઇન્ડિયા જેવા એવોર્ડ જીત્યા છે. ૨૦૦૮-૨૦૦૯માં બેસ્ટ આઇ.ટી. ક્ષેત્ર પેયરનું પારિતોષિક આવકવેરા વિભાગ દ્વારા મળ્યું હતું.કોર્પોરેટ સેકટર જ નહી સુરતના સામાજીક ક્ષેત્રમાં પણ ફારૂક પટેલ મોટુ યોગદાન આપી રહયા છે. ૭૫ વર્ષ જૂની ૬૨૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી સુરત ડિસ્ટ્રીકટ મુસ્લિમ એજયુકેશન સોસાયટી (એંગ્લો ઉર્દૂ હાઇસ્કુલ)ના તેઓ પ્રેસિડન્ટ છે. ભરૂચ જિલ્લા મુસ્લિમ વોહરા પટેલ સમાજ સુરતના તેઓ પ્રમુખ છે. શિક્ષણ ક્ષેત્રે કાર્યરત ધી મુસ્લિમ બ્રધર હુડ સુરતના તેઓ પ્રમુખપદે કાર્યરત છે. ભારતની ટોચની સાત કોર્પોરેટ કંપની સુરતના કે.પી. ગ્રુપની કલાયન્ટ છે. ૫૦૦ કરોડની કંપનીઓના માલિક ફારૂક પટેલ કહે છે કે મારી વ્યકિતગત કોઇ કમાલ આ સફળતા પાછળ નથી. આ તો અલ્લાહની દેન છે, મા-બાપની દુવા છે અને સાથે સાથે જુદા જુદા ધર્મના નિષ્ઠાવાન, કાર્યદક્ષ, પ્રામાણિક સાથીઓ, કર્મચારીઓની સામૂહિક સફળતા છે. કનપનીની સફળતા સાથે કંપનીના કર્મચારીઓ પણ સંપન્ન થયા તેનો અનેરો આનંદ છે. ફારૂક કે.પી. ગુજરાતમિત્ર સાથે અંતરંગ વાતો શેર કરી હતી. જે રસપ્રદ છે.

## પોતીકી ઊર્જાથી બળવાન બનેલો સોલર સુપરમેનઃ ફારૂક પટેલ



Rapid Fire with Faruq Patel

## Q&A

**સવાલ : પત્ની ઘરમાં શું કહીને બોલાવે છે?**

**ફારૂક પટેલઃ** સાહેબ

**સવાલઃ પોતાના માટે રૂપિયા ૧૦ કરોડ ખર્ચવાના હોય તો શું કરો?**

ફારૂક પટેલઃ કોઇ મને ૧૦ કરોડ ખર્ચ કરવા આપે તો સુરતમાં હેલિપેડ બનાવવા સાથે હેલિકોપ્ટરની ખરીદી કરું. હેલિકોપ્ટરથી ગુજરાતમાં ઉડાઉડ કરું

**સવાલઃ પ્રાયમરીમાં ભણતા હતા ત્યારે શું બનવા માંગતા હતા?**

ફારૂક પટેલઃ બાળપણમાં વકીલ બનવાનું સ્વપ્ન જોતો હતો કોઇની પણ તકરાર થાય હું વકીલ પાસે જાઉ છું એવું સાંભળતો તે સાંભળી વકીલોથી ખૂબ પ્રભાવિત થયો હતો.

**સવાલઃ જાહેરમાં હાંસીનું પાત્ર બન્યા હો તેવો કિસ્સો?**

**ફારૂક પટેલઃ** ૨૫ વર્ષ પહેલાની વાત છે. મુંબઇના બાન્દ્રા રેલવે સ્ટેશને ઓવર બ્રિજ ક્રોસ કરી સુરતની ટિકીટ લેવા જઇ રહયો હતો ત્યારે વ્હાઇટ એન્ડ વ્હાઇટ વસ્ત્રોમાં આવેલી વ્યકિતએ ટિકીટ ચેકર તરીકે ઓળખ આપી પ્લેટફોર્મ ટિકીટ વિનાનો ગણી મારી પાસે બચેલા ૧૦૦ રૂપિયા પડાવી લીધા હતા. હું ટિકીટ વિના સુરત આવતી ટ્રેનમાં જેવો બેઠો કાળા કોટમાં ટી.સી. જેવો વ્યકિત ચઢતા હું તેને જોઇ ટોયલેટમાં ભરાઇ ગયો હતો. ટોયલેટમાંથી ઝાંખી હું જયારે જોતો કાળા કોટવાળી વ્યકિત સામે દેખાતી હતી. છેલ્લે ઉધના રેલવે સ્ટેશન આવ્યું ત્યારે હિંમત કરી હું બહાર નીકળ્યો અને મેં જોયું કે કાળો કોટવાળો વ્યકિત ટી.સી. નહતો તે સામાન્ય પેસેન્જર હતો. જે ઊભો ઊભો સાથી પેસેન્જરો સાથે પત્તા પાનાનો જુગાર રમી રહયો હતો. મિત્રોને આ પ્રસંગ મે જયારે કહયો ત્યારે તેઓ ખડખડાટ હસી પડયા હતા.

**સવાલઃ તમારી સૌથી મોટી કુટેવ જે તમે બદલવા માંગતા હોવ?**

**ફારૂક પટેલઃ** દિવસમાં પાંચ વાર સિગારેટ પીવાની કુટેવ છે. જે હું બદલવા માંગુ છું.

**સવાલઃ પોતાના માટે છેલ્લી ખરીદેલી ચીજ અને તેની કિંમત?**

ફારૂક પટેલઃ મર્સીડીઝ, જીએલ-કાર ૯૭ લાખ રૂપિયા.

**સવાલઃ લાઈફની સૌથી મોટી ભૂલ કે પસ્તાવો?**

**ફારૂક પટેલઃ** કંડકટર વિનાની નબળી આર્થિક સ્થિતિને લીધે વધુ ઉચ્ચ અભ્યાસ કરી ન શકયો. નહીતર અત્યારે ઉપરવાળાની મહેરબાનીથી જયાં છીએ તેના કરતા ૧૦૦ ગણા વેપારમાં આગળ હોત. વેપાર વચ્ચે તક મળી પણ ફરી અભ્યાસ કરવાની હિંમત ન કેળવી તેનો પસ્તાવો આજે પણ છે.

**સવાલઃ વડાપ્રધાનોને શ્રેષ્ઠતાના ક્રમમાં ગોઠવો. (૧) ઈન્દિરા ગાંધી (૨) વાજપાઈ (૩) મોરારજી દેસાઈ (૪) મનમોહનસિંઘ (૫) રાજીવ ગાંધી**

**ફારૂક પટેલઃ** ૧. મનમોહન સિંહ ૨. અટલ બિહારી વાજપેઇ ૩. ઇન્દિરા ગાંધી ૪. મોરારજી દેસાઇ ૫. રાજીવ ગાંધી

**સવાલઃ હાલના જમાનાની તમને સૌથી આકર્ષક લાગતી હિરોઈન કઈ?**

**ફારૂક પટેલઃ** દિપીકા પાદુકોણ

**સવાલઃ તમારી પ્રિય રેસ્ટોરન્ટ અને ત્યાંની સૌથી પ્રિય વાનગી.**

**ફારૂક પટેલઃ** લાજપોરના નાનાવાડીનું પઠાણી ચીકન